# જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/**૧૬**/૨૦૨૫,
તા.૧૭/૫/૨૦૨૫

હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે કાંકરીયા ખાતે આવેલ અણુવ્રત સર્કલ, પારસી અગીયારી તથા વાણિજ્ય ભવન સર્કલ ખાતેની ટ્રાફિક સમસ્યા નિવારવા અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં સાળંગપુર બ્રીજનું સમારકામ તા:૨/૧/૨૦૨૫ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી ચાલનાર હોય જેથી આ બ્રિજને વાહનોની અવર-જવર માટે જાહેરનામું બહાર પાડી બંધ કરવામાં આવેલ છે. જેથી સદર બ્રિજ પરથી પસાર થતા વાહન ચાલકો માટે બ્રિજ બંધ રહે ત્યા સુધી ડાયર્વઝન આપેલ હોવાથી તમામ ટ્રાફિક ડાયવર્ઝન થતા કાંકરીયા અણુવ્રત સર્કલ,પારસી અગીયારી તથા વાણીજ્યભવન સર્કલ ખાતે ખુબ જ ટ્રાફિકનું ભારણ રહેતુ હોય જે ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે અ.મ્યુ.કો. વિભાગના સંલગ્ન અધિકારી/કર્મચારીઓ તથા પોલીસ વિભાગ દ્વારા આ જગ્યાની સંયુક્ત સ્થળ વિઝીટ કરતા અનુપમબ્રીજના પશ્ચિમ છેડેથી ઉતરી મન્સુરી મસ્જીદ થી અણુવ્રત સર્કલ તરફ જતા તમામ વાહનો જો અણુવ્રત સર્કલથી કાંકરીયા ગેટ નં.૩ થઈ પારસી અગીયારી થઈ વાણિજ્ય ભવન સર્કલ થઈ અણુવ્રત સર્કલ સુધીના રોડને "વન-વે" કરવામા આવે તો વાહન ચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મહંદઅંશે મુકિત મળી શકે તેમ છે જે રીતનું તારણ કાઢવામાં આવેલ છે. જેથી આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ સારુ નીચે મુજબની વિગતે તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે વન-વે માર્ગ જાહેર કરવામાં આવે છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે વન-વે માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
|---|---|---|
| ૧. | લખનઉ જલેબી ત્રણ રસ્તાથી કાંકરીયા ગેટ નં.૩ થી અણુવ્રત સર્કલ સુધીનો આશરે ૮૦૦ મીટનો રસ્તો વન-વે રહેશે. | **૧.** ફુટબોલ ગ્રાઉન્ડ તરફ થી આવતો ટ્રાફિક કાંકરીયા ગેટ નં.૩ થી ડાબી બાજુ વળી લખનઉ જલેબી ત્રણ રસ્તા થી જમણી બાજુ વળી વાણીજ્ય ભવન સર્કલ થી ડાબી બાજુ વળી કાલુપુર તરફ તેમજ જમણી બાજુ વળી અણુવ્રત સર્કલ થઇ અનુપમ બ્રિજ ખોખરા, મણીનગર તરફ જઇ શકશે.<br>**૨.** મજુરગામ તરફથી આવતો ટ્રાફીક પારસી અગિયારીથી ડાબી બાજુ વળી લખનઉ જલેબી ત્રણ રસ્તા થી જમણી બાજુ વળી વાણીજ્ય ભવન સર્કલથી જમણી બાજુ વળી અણુવ્રત સર્કલ થઈ અનુપમ બ્રિજ ખોખરા, મણીનગર તેમજ કાંકરીયા ગેટ નં.૩ ઈક્કા કલબ અરેના સ્ટેડીયમ તરફ જઇ શકશે.<br>**૩.** રાયપુર તરફથી આવતો ટ્રાફીક લખનઉ જલેબી ત્રણ રસ્તા થી ડાબીબાજુ વળી વાણીજ્ય ભવન સર્કલથી જમણી બાજુ વળી અણુવ્રત સર્કલ થઈ અનુપમ બ્રિજ ખોખરા,મણીનગર તેમજ કાંકરીયા ગેટ |

| | | |
|---|---|---|
| | | નં.૩ ઈક્કા ક્લબ એરેના સ્ટેડીયમ તથા ફુટબોલ ગ્રાઉન્ડ તરફ જઈ શકશે. |
| ૨. | અણુવ્રત સર્કલ થી વાણીજ્ય ભવન ચાર રસ્તા થી ડાબી બાજુ વળી લખનઉ જલેબી ત્રણ રસ્તા સુધીનો આશરે ૬૦૦ મીટરનો રસ્તો વન-વે રહેશે. | **૧.** ખોખરા અનુપમ બ્રિજ તેમજ મણીનગર તરફથી આવતો ટ્રાફીક અણુવ્રત સર્કલ થી ડાબી બાજુ વળી કાંકરીયા ગેટ નં.૩ થી જમણી બાજુ વળી રાયપુર ચાર રસ્તાથી કાલુપુર તરફ જઈ શકશે.<br>**૨.** કાલુપુર તથા ન્યુ-ક્લોથ માર્કેટ તરફ થી આવતો ટ્રાફીક વાણિજ્ય ભવન સર્કલ થઈ અણુવ્રત સર્કલ થઈ જમણી બાજુ વળી કાંકરીયા ગેટ નં.૩ થી ફુટબોલ ગ્રાઉન્ડ થી ભુલાભાઈ તેમજ મજુરગામ તરફ જઈ શકશે. |

નોંધ : વૈકલ્પિક માર્ગ તથા વન વે માર્ગ પર આવતા ટ્રાફીક જંકશનો (૧) અણુવ્રત સર્કલ (૨) કાંકરીયા ગેટ નં.૩ (૩) પારસી અગિયારી ત્રણ રસ્તા (૪) લખનઉ જલેબી ત્રણ રસ્તા (૫) વાણીજ્ય ભવન સર્કલ.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૮/૫/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૧૭/૫/૨૦૨૫
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.